# પરસ્પરની વિશેષતા જાણીએ તો જ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' બનશે

## કચ્છના ધોરડો ખાતે દેશના પ્રવાસન, સાંસ્કૃતિક અને રમત-ગમત મંત્રીઓ અને સચિવોની પરિષદને વિડિયો કોન્ફરન્સથી પ્રધાનમંત્રીએ કરેલુ સંબોધન

ગાંધીનગર, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય પ્રવાસન સમિટ-૨૦૧૭ના પ્રથમ દિવસે વીડિયો કન્ફરન્સીંગ મારફતે સંબોધન કર્યું હતું. મોદીએ આ પ્રસંગે સાંસ્કૃતિક વિરાસતનો ગૌરવ બોધ લઈ એક ભારત શ્રેષ્ઠ ભારત અભિયાનને વધુ બળવોત્તર બનાવવા આહવાન કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પરિષદને વિડીયો કોન્ફરન્સથી સંબોધિત કરી ભારતની યુવાશક્તિ, પ્રવાસન અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ બદલાતા પ્રવાહો સાથે આગવી ઓળખ આપવા માર્ગદર્શન આપ્યું હતું. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે આપણને અન્ય દેશના પ્રવાસન સ્થળોની તો ખબર હોય છે, પણ આપણી આસપાસ રહેલા સાંસ્કૃતિક, પ્રાકૃતિક વારસાની ખબર હોતી નથી. આપણા બાળકો પણ તેનાથી અજાણ હોય છે. આવા પ્રવાસન સ્થળોને ઉજાગર કરવાની જરૂર છે. તેના કારણે એક રાજયના નાગરિકો બીજા રાજયના પ્રવાસન સ્થળો, તેનું લોકજીવન, ખાનપાન, રહેનસહેનથી વાકેફ થશે. આપણે સૌએ સાથે મળી એક ભારત શ્રેષ્ઠ ભારત અભિયાન થકી તમામ રાજયની વિશેષતાને વિશ્વના નકશામાં મુકવાની જરૂર છે. વિવિધતામાં એકતા ધરાવતા ભારત દેશના લોકો પરસ્પરની વિશેષતા જાણે તો જ એક ભારત શ્રેષ્ઠ ભારત બની શકશે. તેમણે ઉત્કૃષ્ઠ સુચના કરતા કહ્યું કે, દેશનું એક રાજય બીજા રાજય સાથે સમજુતી કરારો કરે અને તેમના રાજયના આવી વિરાસતોને છાત્રો, નાગરિકોને એક્સચેન્જ તહેત જાણકારી આપે. એક રાજય એવો દ્રઢ સંકલ્પ કરે કે તે પોતાના દસ પ્રવાસન સ્થળોને આંતરરાષ્ટ્રીય માનકો પ્રમાણે વિકસાવે અને આવી રીતે તમામ રાજ્યો કાર્ય કરે તો ભારત વિશ્વના પ્રવાસન નકશામાં ઉભરી આવશે. વડાપ્રધાનએ એવો પણ સુઝાવ વ્યક્ત કર્યો કે, ભારતના રાજ્યોએ વધુ ટુરિસ્ટ ફ્રેન્ડલી બનવાની જરૂર છે. કોઈ એક સ્થળ ઉપર કોઈ ચોક્કસ દેશના પ્રવાસીઓ આવતા હોય તો તેને અનુકુળ ભૌતિક વ્યવસ્થાઓ ઉભી કરવી જોઈએ. વિદેશના લોકોની પ્રવાસન માનસિકતા અંગે પણ સર્વેક્ષણ કરવા જોઈએ. કોઈ એક દેશના લોકોને હેરિટેઝ ડેસ્ટીનેશન વધુ પસંદ હોય તો ત્યા આપણા આવા પ્રવાસન સ્થળોના કેમ્પેન કરવા જોઈએ.

## સફેદ રણનું અદભુત સૌંદર્ય નિહાળવા જેવું છે : રૂપાણી

ભારતભરના પ્રવાસન અને સાંસ્કૃતિક તેમજ ખેલકુદ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદનો સફેદ રણ ધોરડોમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રારંભ કરાવ્યો હતો. એક ભારત શ્રેષ્ઠ ભારતની થીમ સાથે આ ત્રિદિવસીય પરિષદ કચ્છના આંગણે શરૂ થઈ છે. મુખ્યમંત્રીએ એક ભારત શ્રેષ્ઠ ભારત ક્વિઝ કોમ્પીટીશન પણ લોન્ચ કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રધાનમંત્રીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં વિશ્વ આખાને કચ્છના સફેદ રણની ઓળખ થઈ તેના દ્રષ્ટાંતો આપતા કહ્યું કે, પ્રવાસનની જે ખુબીઓ દુનિયાની નજરમાં અનદેખી હતી તેને મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમ્યાન નરેન્દ્ર મોદીએ પ્રવાસન તોરણ ટુરિઝમ ડેસ્ટીનેશનની પહેચાન આપી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ચાંદની રાત અને સફેદ રણનું અદભુત સૌંદર્ય પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાનો, પંચતત્વોની અનુભુતિ કરવાનો અનેરો અવસર આ પરિષદ સૌને પુરો પાડશે. તેમણે કચ્છના આ સફેદ રણને વિશ્વ પ્રવાસન નકશામાં સ્થાન મળતાં હસ્તકલા કારીગરી, સ્થાનિક રોજગારી અને વેપાર રોજગારને નવું બળ મળ્યું છે તેની ભૂમિકા આપી હતી. વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ભયાવહ ભૂકંપમાંથી પોતાના આગવા ખમીર ઝમીરથી બેઠુ થયેલુ કચ્છ પહેલાથી અધિક બહેતર અને પ્રવાસનનું શ્રેષ્ઠ ડેસ્ટિનેશન બન્યું છે. મુખ્યમંત્રીએ ૬૫ ટકા યુવાશક્તિ ધરવતા ભારત દેશમાં યુવાશક્તિ યુવાખેલકુદ પ્રવૃત્તિને પણ વેગ આપીને યુવાશક્તિને રચનાત્મક માર્ગે વાળવા આ શિબિરમાં વિચાર વિમર્શનો અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, યુવાધનને વ્યસનોની બદીઓથી દુર રાખી વિકાસમાં તેનો સદુપયોગ થાય તે માટે ગુજરાતમાં હુક્કાબાર પ્રતિબંધ, દારૂબંધીનો કડક અમલ અમે કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્રવાસનને વેગ આપવો છે પરંતુ વ્યસનોથી દુર રહીને પ્રાકૃતિક સોદર્યથી પ્રવાસન વધારવું છે. મુખ્યમંત્રીએ ગુજરાતે યુવાશક્તિના ખેલકુદ સામર્થ્યને નવી દિશા આપવા ખેલમહાકુંભના સફળ આયોજનથી ૪૦ લાખ ખેલપ્રેમીઓને નવી પ્રતિભા આપી છે તે પણ દેશ માટે દિશાદર્શક બન્યું છે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.



## થરાના ટોટાણા રોડ પરથી રેતી ભરેલા ચાર ઓવરલોડ ડમ્પરો ઝડપાયા

### ૨૭.૧૪૫ ટન કરતા વધારે રેતી ભરેલા ચાર ટર્બા ઝડપીને રોયલ્ટી ઈન્સ્પેક્ટર પી. એમ. ટંડેરે કાર્યવાહી હાથ ધરી

થરા, તા. ૨૦

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાની બનાસ નદિના પટમાં રાત-દિવસ ભૂમાફિયા દ્વારા રેત ખનન કરવામાં આવે છે. તેમજ કાયદાને ઘોળીને,નિતી નિયમોના ધજિયા ઉડાવીને ફક્ત રૂપિયા જ કમાવવા છે ત્યારે ટોટાણા રોડ ઉપરથી પસાર થતી ચાર ટર્બો રેતી ભરેલ ટ્રક નં. જીજે.૦૨.વી.વી.૫૭૮૫, જી.જે.૨૪.વી.૮૯૧૫, જી. જે. ૦૨એક્ષએક્ષ.૫૪૬૮, જી.જે. ૦૨.એક્ષએક્ષ.૬૫૧૮ નંબરની ગાડીઓ પાલનપુર ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર પી.એમ. ટંડેર, એ.વી. ઓઝા, હિરેનભાઈ, મેહુલ દવેની ટીમે ઝડપી પાડી હતી અને કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. જો કે ટ્રકોના માલિક ૬૫૧૮ ઘોરી ઝાહિરખાન કરીમખાન, સલીમખાન આલમખાન કુરેશી, રે. વડાવલી, તા. ચાણસ્મા, જિ. પાટણની ટ્રકમાં ૩૦.૮૫૫ મે. ટન રેતી ભરેલ, ચૌહાણ સિકંદર હૈદરભાઈ મહેસાણાવાળાની ટ્રકમાં ૩૦.૫૬૦ મે. ટન રેતી ભરેલ અને મલેક કુરીદમીયા નાથુમીયા રે. કડી જિ. અમદાવાદની ગાડીમાં ૨૭.૧૪૫ મે. ટન રેતી ભરેલ જેથી રોયલ્ટી ઈન્સ્પેક્ટરે ડિટેઈન કરીને વાહન માલીકોને કાયદેસરની દંડની પાવતીઓ પકડાવી દઈ ટ્રકોને થરા પોલીસ સ્ટેશનમાં સંભાળ રાખવા મુકીને દંડનીય કાર્યવાહિ કરી હતી. આમ રાત દિવસ ભૂમાફિયાઓ દ્વારા રેત ખનના સતત ચાલુ રહેવા પામેલ છે અને ખાણ ખનિજ વિભાગ દ્વારા મહિને બે મહિને એકાદ કેસ કરી બાકી રોકડી કરી રફુચક્કર થઈ જતા હોવાનું લોક મુખે ચર્ચાના ચકડોળે ચડવા પામ્યુ છે. અને તાડપત્રી વિના બે-રોક ટોક તંત્રની મીલી ભગતથી રાત-દિવસ ટ્રકો દોડતી જોવા મળે છે.



## ઊંઝામાં દારૂના દરોડા પાડવા આવેલ પોલીસકર્મીઓ પર પથ્થરમારો

મહેસાણા, તા. ૨૦

મહેસાણા શહેરમાં દારૂના ધંધાર્થીઓને જાણે પોલીસનો કોઈજ ડર કે ભય ન હોય તેમ શહેરના ટી.બી. રોડ પર ઠાકોરવાસમાં દારૂની મળેલ બાતમીના આધારે આ સ્થળે દરોડો પાડવા માટે ગયેલ ગુજરાત સ્ટેટ મોનિટરીંગ સેલ ગાંધીનગરની પોલીસ ટુકડી પર બુટલેગરો અને તેમના મળતીયાઓએ પથ્થરમારો કરી સરકારી ગાડીના કાચ તોડી પોલીસની કાર્યવાહીમાં અવરોધ કરી એક શખ્સ વિદેશી દારૂ ભરેલ મોટરકાર લઈને ક્યાંક નાસી છૂટ્યો હોવાનો ચોંકાવનારો બનાવ બનતા મહેસાણા શહેર સહિત સમગ્ર જિલ્લાની જનતામાં ભારે ચકચાર મચી છે.

વિગત એવી છે કે મહેસાણા ટાઉનમાં ટી.બી. રોડ પર ઠાકોરવાસ પાસે વિદેશી દારૂ અંગે ગુજરાત સ્ટેટ મોનિટરીંગ સેલ ગાંધીનગરને બાતમી મળી હતી. જે આધારે આ સેલના પોલીસ ઈન્સ્પેકટર એમ.જે. ક્રિશ્ચિયન સ્ટાફ સાથે સદર જગ્યાએ પહોંચ્યા હતા. જ્યાં વિદેશી દારૂ ભરેલ સ્વીફ્ટ ગાડીની તલાસી લઈને પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી હતી ત્યારે દારૂના ધંધાર્થી કનુ ઉર્ફે કનિયાના સાગરીત કરણ ઠાકોરે પોલીસ કાર્યવાહીથી બચવા માટે પોતાના મળતીયા માણસોને બોલાવવા માટે બૂમાબૂમ કરી હતી. જેથી નજીકના ઠાકોરવાસમાંથી આશરે ૧૦૦થી ૧૨૫ જેટલા સ્ત્રી-પુરૂષોનું ટોળુ એક સંપ થઈને આવ્યું હતું અને અચાનક પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. આથી એક તબક્કે પોલીસને ભાગવુ પડ્યું હતું. આ સમયે કરણ ઠાકોર નામનો શખ્સ વિદેશી દારૂ ભરેલ સ્વીફ્ટ મોટરકાર હંકારીને ક્યાંક નાસી છૂટ્યો હતો. દરમિયાન પથ્થરમારામાં પોલીસની સરકારી ગાડીના કાચ તુટી ગયા હતા. દારૂના ધંધાર્થીઓ અને તેમના સાગરીતો દ્વારા દારૂ અંગે દરોડો પાડવા માટે ગયેલ પોલીસ પર હૂમલાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે. પોલીસની કથિક હપ્તાખોરીના કારણે બુટલેગરો કેવા બેફામ બન્યા છે તેનો આ કિસ્સો બહાર આવતા સ્થાનિક પોલીસતંત્રની કાર્યપદ્ધતિ સામે પ્રજામાં શંકા કુશંકાઓ જાગી છે.

ઉપરોક્ત બનાવ અંગે સ્ટેટ મોનિટરીંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટરની ફરિયાદના આધારે મહેસાણા શહેર બી. ડીવીઝન પોલીસે કરણ ઠાકોર, કનુજી ઉર્ફે કનિયો ઠાકોર સહિત ૧૦૦થી ૧૨૫ માણસોના ટોળા સામે કાયદેસર ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## મોડાસા ખાતે સીનીયર સીટીઝન મેરેથોનમાં ૨૫૦થી વધુ સ્પર્ધકો ભાગ લેશે

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા રમત-ગમત મંડળ દ્વારા મુખ્ય મથક મોડાસા ખાતે સીનીયર સીટીઝન મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. ૩ કિ.મી. લાંબી આ દોડમાં ૨૫૦થી વધુ સ્પર્ધકો ભાગ લેશે.

જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આગામી તા. ૨૨મી જાન્યુઆરીના રોજ જિલ્લા વહીવટીતંત્ર અને રમત ગમત મંડળ દ્વારા સીનીયર સીટીઝન મેરેથોનનું આયોજન કરવામાં આવેલ છે. ૬૦ વર્ષથી ૭૧ વર્ષની વયના સીનીયર સીટીઝનો આ દોડમાં જોડાશે અને ૩ કિ.મી. લાંબી દોડની હરિફાઈમાં ૩ ફીનીશ લાઈનો રાખવામાં આવી છે.

અંતમાં આ મેરેથોનમાં વિજેતા સ્પર્ધકને પ્રજાસત્તાક દિને ઉજવણી સમારોહમાં સન્માન કરવામાં આવશે. આ દોડમાં જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક કે.એન. ડામોર, મહિસાગર જિલ્લા વિધાનસભા ક્ષેત્રના ભાજપ પ્રભારી કનુભાઈ આર. પટેલ અને સામાજિક કાર્યકર કમલેશભાઈ પટેલ સહિતના અગ્રણીઓ જોડાઈને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરશે.



## શંખલપુરમાં શ્રીમાળી સોની ઉત્તેજક મંડળ દ્વારા ૫૪ કુંડી યજ્ઞ યોજાયો



બહુચરાજીના શંખલપુર ટોડા ખાતે બહુચરાજી માતાજીના સાંનિધ્યમાં શ્રીમાળી સોની ઉત્તેજક મંડળના અગ્રણીઓના સહયોગથી ૫૪ કુંડીય શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સમાજના જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આ ધાર્મિક પ્રસંગે અગ્રણી કનૈયાલાલ સોની, હરેશભાઈ સોની, પરેશભાઈ સોની, દિલીપભાઈ સોની, ભરતભાઈ સોની, ટ્રસ્ટી હેમેન્દ્રભાઈ સોની, શ્રીમાળી સોની ઉતેજક મંડળના અગ્રણી મુકેશભાઈ સોની, ચંદુભાઈ, હરેશભાઈ સોની, હસમુખભાઈ સોની સહિતના કારોબારી સભ્યો, યુવા પાંખ, મહિલા પાંખ અને પ્રતિનિધિઓના અથાગ પ્રયત્નો અને સહયોગ આપ્યો હતો અંતે સમાજના મુખ્ય યજમાન તેમજ દાતાઓ અને મંદિરના પ્રમુખ નરેન્દ્ર મહેતાનું આ પ્રસંગે ફુલહાર અને શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું અને મહામંત્રી વી.ટી. સોનીએ સૌ કોઈનો અંતરના ઉંડાણથી આભાર વ્યકત કર્યો હતો.

## પાલનપુર નગરપાલિકાના રાજમાં ગંદા પાણીના નિકાલ માટેની જગ્યામાં વગર મંજૂરીએ રાજીવ ગાંધી આવાસ બનતા હોવાની રાવ

### સુપ્રીમ કોર્ટ, પર્યાવરણ અને પ્રદૂષણ બોર્ડના નિર્દેશોને ઘોળીને પી જનારા શાસકો સામે પગલા ભરવા મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

પાલનપુર, તા. ૨૦

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં ખુદ પાલિકા દ્વારા જ નીતિ નિયમોને નેવે ચડાવી નામદાર સુપ્રીમ કોર્ટ અને પ્રદૂષણ બોર્ડના નિર્દેશોને ઘોળીને પી જઈ સદરપુર ખાતે સર્વે નં. ૮૫માં ગંદા પાણીના નિકાલ માટે ફાળવેલી જગ્યામાં રાજીવ ગાંધી આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવી રહ્યા હોવાની રાવ ઉઠી છે. પ્રજાના કરોડો રૂપિયાનું આંધળ કરનારા પાલિકાના સત્તાધીસો સામે શિક્ષાત્મક પગલાં લઈ ઉક્ત જમીનમાં ખાસ કિસ્સામાં પણ હેતુફેર નહીં કરવા છેક મુખ્યમંત્રી સહિત વડાપ્રધાન સુધી રજુઆત થતા ચકચાર મચી જવા પામી છે.

વડાપ્રધાન અને મુખ્યમંત્રીને પાલનપુર નગરપાલિકાના નગરસેવક અમૃતભાઈ જોશી (દાઢી)એ કરેલી રજૂઆત મુજબ, પાલનપુર પાલિકાના શાસકોએ શહેરીજનોના આરોગ્ય અને સુખાકારીનો જરાય વિચાર કર્યા વિના ગેરરીતિ આચરવાના મલિન ઈરાદે ઉતાવળેથી સર્વે નં. ૧૨૮ અને ૧૨૯માં મંજુર થયેલી રાજીવ ગાંધી આવાસ યોજનાના સ્થળમાં ફેરફાર કર્યો હતો. ૧૯૮૯માં સદરપુરના સર્વે નં. ૮૫ પૈકીની જમીન પાલનપુર પાલિકાને ભૂગર્ભ ગટર યોજનાના ગંદા પાણીના નિકાલ માટે ફાળવાઈ હતી. જેમાં રાજીવ ગાંધી આવાસના મકાનો બનાવવા માટે જમીન હેતુફેર કરવાનો ઠરાવ કોઈપણ જાતની ચર્ચા કર્યા વિના જનરલ બોર્ડમાં ગેરકાયદેસર રીતે કરાયો હતો.

જે ઠરાવને આધારે કલેક્ટર બનાસકાંઠાએ મહેસુલ વિભાગ, ગાંધીનગનરે દરખાસ્ત કરેલ હતી. જેને હજી સુધી મંજૂરી મળી નથી. છતા પાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરની મિલીભગતથી વગર મંજૂરીએ રાજીવ આવાસ યોજનાના મકાન બાંધકામનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરી દીધુ છે. કેન્દ્ર સરકારની મંજૂરી લેવાઈ નથી. વળી ગુજરાત પોલ્યુશન બોર્ડનો સ્પષ્ટ અભિપ્રાય હતો કે ઘન કચરાના નિકાલ માટેના ઓક્ષીડેશન પોન્ડ પાસે આવાસ યોજનાના મકાનો બનાવી શકાય નહી. આમ છતાં લોકોના જાહેર આરોગ્ય સાથે ખીલવાડ કરતા પાલિકાના સત્તાધીશો દ્વારા સુપ્રીમ કોર્ટ, પોલ્યુશન બોર્ડના નિર્દેશોને અવગણીને વગર મંજુરીએ બાંધકામ થઈ રહ્યુ છે. ત્યારે ભીંસમાં આવેલી પાલિકાએ મંજૂરીની અપેક્ષાએ આવાસ યોજના શરૂ કરી હોવાનું જણાવી ખાસ કિસ્સામાં આ જગ્યાના હેતુફેર કરવાની માંગ કરાઈ છે. જેની સામે પાલિકાના વિપક્ષના નેતાએ મુખ્યમંત્રી અને વડાપ્રધાનને લેખિત રજૂઆત કરી પાલનપુરના શહેરીજનોના હિતમાં હેતુફેરની માંગને ના મંજૂર કરી પાલિકાના શાસકો સામે શિક્ષાત્મક પગલા ભરવાની માંગ કરી છે.

### વધુ ફોલોઅર્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુગલ ઉપર જે વિશ્વના નેતાઓ રહેલા છે તે પૈકી સૌથી વધુ ફોલોઅર્સ ધરાવનારમાં નરેન્દ્ર મોદી પ્રથમ ક્રમાંકે પહોંચી ગયા છે. નરેન્દ્ર મોદી ભારતના એવા પ્રથમ વડાપ્રધાન છે જે આધુનિક અને નવી ટેકનોલોજીને પ્રોત્સાહન આપી રહ્યા છે. ભારતના દરેક નાગરિકો સુધી પહોંચવા માટે ટેકનોલોજીનો સૌથી વધુ ઉપયોગ તેમના દ્વારા કરવામાં આવી રહ્યો છે. ટ્વીટર, ફેસબુક, ગુગલ, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ ઉપર તેમના સૌથી વધુ ફોલોઅર્સ થઈ ગયા છે.

### પ્રદર્શન ઉગ્ર બન્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ડિયન આર્ટીસ્ટ એસોશિએશન પહોંચ્યા હતા. સાઉથ ઈન્ડિયન આર્ટીસ્ટ એસોશિએશનના અધ્યક્ષ નાસીરે પ્રદર્શનનું નેતૃત્વ કર્યુ હતું. આ ગાળા દરમ્યાન તમામ અધિકારીઓ પણ જોડાયા હતા. ચેન્નાઈમાં આજે સિનેમાહોલ બંધ રહ્યા હતા. તમિલ ફિલ્મ યુનિયનોએ પણ પ્રદર્શનમાં સમર્થન આપીને વિવાદમાં ચર્ચા જગાવી છે. અલબત્ત અભિનેતા સીલાંબારાસન પ્રદર્શનમાં દેખાયા ન હતા. આ અભિનેતાએ ગયા સપ્તાહમાં વીડિયો મારફતે તમિળ જનતાને જલીકટ્ટુના સમર્થનમાં દેખાવ કરવાની અપીલ કરી હતી. આ મૌન પ્રદર્શનમાં પ્રભુ, મનસુરઅલીખાન, રમેશ ખન્ના અને અન્ય પક્ષોના નેતાઓ પણ જોડાયા હતા. નાસીરે કહ્યું હતું કે તમિળ સંસ્કૃતિની વર્ષો જૂની પ્રતિક તરીકે જલીકટ્ટુ ઉપર સંકેટના વાદળો છે. વિદ્યાર્થીઓ અને યુવાનોએ આ ખેલને બચાવવા માટેની જવાબદારી પોતાના ઉપર લઈ લીધી છે. બાળકો અને મહિલાઓને પ્રદર્શન કરવા માટે અપીલ કરી છે. જલીકટ્ટુને લઈને છેલ્લા કેટલાક સમયથી વિવાદ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. બીજી બાજુ જલીકટ્ટુને લઈને વિરોધ પ્રદર્શન વચ્ચે મુખ્યમંત્રી પન્નીરસેલ્વએ આજે જ લોકોને ખાતરી આપી હતી કે આગામી બે દિવસમાં વટહુકમ લાવવામાં આવશે. જલીકટ્ટુ કાર્યક્રમનું તેઓ પોતે ઉદ્‌ઘાટન કરશે. પન્નીરસેલ્વમે એમપણ કહ્યું હતું કે વડાપ્રધાન મોદી સાથે પણ તેઓ વાતચીત કરી ચુક્યા છે.

### પ્રતિબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક ઓફર મુકવામાં આવી છે. ટેક્સની રકમ પહેલા તેમને ચૂકવવી પડશે. ત્યારબાદ ચાર વર્ષના ડિપોઝીટ સ્કીમનો લાભ લેવા માટે બેંકો દ્વારા તેમને આપવામાં આવેલા એક ચલણ ભરવામાં આવશે. ઓથોરાઈઝ બેંકોને રેવેન્યુ વિભાગ સમક્ષ થાપણોની વિગત જમા કરાવી દેવાની રહેશે.

આરબીઆઈ અને ઓથોરાઈડ બેંકો દ્વારા ડેટા જાળવી રાખવામાં આવશે. આઈટી વિભાગને નોટબંધી બાદ કો.ઓપરેટીવ બેંકોની ડિપોઝીટમાં ગેરરીતિઓ મળી આવી હતી.

### મોંઘી બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમલી કરવા માટેનો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે અન્ય સેવાઓ પણ મોંઘી થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સર્વિસ ૧૮ ટકાની દષ્ટીએ લેવામાં આવે તેમ મનાય છે. જેથી આ બાબત અમલી બનશે તો પેકેજીંગ ટુર, મોબાઈલ બિલ, પરિવહન, રેલ અને વિમાની માધ્યમ મારફતે યાત્રા, આવાસની ખરીદી, કેપ સર્વિસ, જીમમાં જવાની બાબત, બ્યુટી પાર્લરમાં જવાની બાબત તમામ મોંઘી બનશે.

### વલસાડ પાસે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળેલી માહિતી મુજબ મૃતકોમાં પિતા-પુત્રી, પતિ-પત્ની, એક યુવતી તેમજ ડ્રાઈવરનો સમાવેશ થાય છે. કેનેડાથી પુત્રના લગ્ન માટે વતન આવી રહેલા પતિ-પત્ની દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. તમામ મૃતકો મુંબઈ એરપોર્ટથી ગણદેવી આવી રહ્યા હોવાની માહિતી મળી છે. અકસ્માતમાં ૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રાપ્ત વિગતો મુજબ મૂળ બીલીમોરાના હસમુખભાઈ ગાંધી પુત્રી અંકિતા સાથે કેનેડાથી આવી રહેલા વેવાઈ પ્રકાશભાઈ અને મીનાક્ષીબેન પસ્તાગીયાને લેવા માટે મુંબઈ એરપોર્ટ ગયા હતા. પુત્રી અંકિતાના ૧૬ ફેબ્રુઆરીમાં લગ્ન હતા. પ્રકાશભાઈ અને મિનાક્ષીબેન પુત્રના લગ્નને લઈને કેનેડાથી વતન પધાર્યા હતા ત્યારે કારને અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં હસમુખભાઈ ઈજાગ્રસ્ત થયા હતા જ્યારે પુત્રી અંકિતા અને તેના સાસુ સસરાનું મોત થયું હતું.

### મગરનું મોત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મચી જવા પામી હતી. કેનાલમાં અચાનક જ મગરનો મૃતદેહ તરતો જોઈ સ્થાનિક ગ્રામજનો પણ અચંબામાં મુકાઈ ગયા હતા. આખરે કેનાલમાંથી મગરનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. વનતંત્રને મગરનો મૃતદેહ સોંપી દેવાયો હતો. વનતંત્ર દ્વારા મગરના મૃત્યુનુ કારણ જાણવા માટે આણંદની વેટરનેરી કોલેજમાં મગરનો મૃતદેહ મોકલી દેવાયો હતો. જયાં ડોકટરોની પેનલ દ્વારા મગરના મૃતદેહનુ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતુ. જેના અંતે મગરનુ મોત કુદરતી સંજોગોમાં થયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. કોલજ સુત્રો દ્વારા આ મામલે ગાંધીનગર વનવિભાગને મગરનો પી એમ રીપોર્ટ પણ સુપ્રત કરી દેવાયો છે. જયારે મગરનો મૃતદેહ પણ ગાંધીનગર વનવિભાગને સોંપી દેવાશે. જયારે વનવિભાગની ગાઈડ લાઈન પ્રમાણે મગર સિડ્યુલ વનનુ પ્રાણી હોવાથી તેના મૃતદેહને પુરા સન્માન સાથે ગાંધીનગરમાં પંચની હાજરીમાં અગ્નિસંસ્કાર વિધિ કરવામાં આવશે.